# આજની પરીક્ષા પદ્ધતિની ખામીઓ-મર્યાદાઓ

અત્યારે ધો.૧૦-૧૨ની પરીક્ષા ચાલી રહી છે. સરકાર દ્વારા સારામાં સારું આયોજન કરવાનો પ્રયત્ન થયો છે. વિદ્યાર્થી, વાલી, પડોશી તેમજ વિદ્યાર્થીના સગાં પરીક્ષામય બની ગયા છે. ક્યાંક ઉત્સાહ તો ક્યાંક હતાશા જોવા મળે છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં હળવા થવાનો મૂડ જામતો જાય છે. સૌ કોઇ આ પરીક્ષાને મહત્ત્વ આપે છે. મારા જેવા ઘણાં શિક્ષણપ્રેમીઓના મનમાં પ્રશ્ન ઊભો થાય છે કે, શું આજની પરીક્ષા પદ્ધતિ અને વ્યવસ્થાપન યોગ્ય છે ? ત્યારે આ પ્રશ્ન કે વિચારને આમ આદમીથી લઇને વિચારવંત વ્યક્તિ સુધી પહોંચતો કરવો જરૂરી બની જાય છે. જેના અંતે કદાચ નવી પદ્ધતિ-નવા વ્યવસ્થાપનના વિચારો કોઇને આવે, તેનો અમલ થાય અને સાચા અર્થમાં સાચા હેતુથી પરીક્ષા લેવાનું શરૂ થાય તે અપેક્ષા સાથે આજની પરીક્ષા પદ્ધતિની ખામીઓ અહીં રજૂ કરું છું.

સૌ પ્રથમ અને સૌથી મોટી ખામી એ છે કે, આજની પરીક્ષા વિદ્યાર્થીની યાદ શક્તિ પર આધારિત છે, તે માત્ર સ્મૃતિને આધારે જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરે છે. જ્યાં કૌશલ્યને કોઇ જ સ્થાન નથી. શિક્ષણનો હેતુ યાદશક્તિ કે સ્મૃતિ તપાસવાનો નથી, પણ આજની પરીક્ષા તેનું જ મૂલ્યાંકન કરે છે. શિક્ષણનો હેતુ બાળકના સર્વાંગી વિકાસનો છે, જેથી મૂલ્યાંકન પણ સર્વાંગી થવું જોઇએ. જે થતું નથી. માત્ર લેખન પર જ આધાર રાખે છે. જ્યાં બીજા કૌશલ્યો જેવા કે શ્રવણ, કથન અને વાંચનનું કોઇ જ સ્થાન નથી. વિદ્યાર્થીમાં રહેલ બીજી આવડતો શક્તિઓનું માપન આજની પરીક્ષા કરતી નથી. આમ આજની પરીક્ષા પીંતિ વિદ્યાર્થીને ગોખણપટ્ટી કરીને વદારે યાદ રાખવાનું જ શીખવે છે. પછી ભલેને તે બીજા વર્ષે ભૂલી જઇએ તો કોઇ જ વાંધો નહીં ! બીજી ખામી જણાવું તો, આજની પરીક્ષા સાબિત કરે છે કે, જે વિદ્યાર્થીમાં જ્ઞાન વધુ તે વિદ્યાર્થી ઉત્તમ, પછી ભલેને તેનામાં સત્ય, અહિંસા, સદાચાર, ભાઇચારો, પ્રમાણિકતા, દેશદાઝ વગેરે મૂલ્યોનો અભાવ જ કેમ ન હોય ? આમ બાળકને સાચા અર્થમાં સાચો અને સારો માનવી બનવા માટે જરૂરી ગુણો-લત્રણોનું માપન આજની પરીક્ષા કરી નથી. વધારાનું દુ:ખ સાથે કહેવું હોય તો કહી શકાય કે, આજની પરીક્ષા પદ્ધતિ તો વિદ્યાર્થીને ચોરી કરતાં શીખવે છે. માટે તો પરીક્ષાના દિવસો દરમિયાન કોપીકેસ થાય છે. વિદ્યાર્થી ચોરી ન કરે તેટલા માટે તો સુપરવાઇઝર અને સ્ક્વોર્ડ રાખવામાં આવે છે. શુક્ર આજની શાળા કે કુટુંબ કે સમાજ વિદ્યાર્થીમાં ચોરી નહીં કરવાનો-સચ્ચાઇનો ગુણ ખિલવવામાં નિષ્ફળ ગયા છે ? વિદ્યાર્થીમાંથી ચોર બનાવવામાં કોણ જવાબદાર છે ? શું ક્યારેય વાલી કે પડોશી કે મિત્ર વિદ્યાથદ્ધને સલાહ આપતા નથી કે આજુબાજુમાંથી કેવી રીતે જોઇ લેવું કે, ઘેરથી કાપલી લઇ જઇને કેવી ીતે જવાબ લખવો. નિરીક્ષક જોઇ જાય તો શું કરવું ? વગેરે વગેરે. હા... આવી સલાહ શિક્ષકો આપતા નથી તે સારી બાબત છે, પણ વિદ્યાર્થી ચોરી તો શિક્ષકની હાજરીમાં જ કરે છે ને ! શું ઘણાં શિક્ષક વિદ્યાર્થીને જાણીબૂઝીને ચોરી નથી કરવા દેતા ? આમ નિર્દોષતાથી ભરેલા બાળકને ચોર બનાવવામાં સૌ કોઇનો ફાળૌ છે જ. જેને આજની પરીક્ષા પદ્ધતિ કે વ્યવસ્થા નાથી શકતા નથી.

વિદ્યાર્થી વર્ષભર નિયમિત પણે શાળા-કોલેજમાં જાય, પણ તેનું મૂલ્યાંકન થવાનું તો ત્રણ કલાકના તેના પ્રદર્શનને આધારે. શાળા-કોલેજના ૨૦૦ દિવસમાંથી ૧૯૨ દિવસ હાજર રહીને સારામાં સારું કામ કરનાર, વિવિધ મૂલ્યોથી ભરેલ વિદ્યાર્થી પરીક્ષા સમયે જ બિમાર પડે તો ? નાનો મોટો અકસ્માત થાય તો ? ઘરમાં કોઇ અજુગતિ ઘટના બને તો ? તો સારા કહેવાતા નિષ્ઠાવાન વિદ્યાર્થીને પણ આજની પરીક્ષા પદ્ધતિ મદદરૂપ થઇ શકે તેમ નથી. પણ શાળામાં અનિયમિત આવે, શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં બિલકુલ ભાગ ન લે તેવો વિદ્યાર્થી પરીક્ષાના થોડા દિવસ પહેલાં વધુ વાંચીને, વધુ ટ્યુશન ગોઠવીને, ચોરી કરીને પણ પરીક્ષામાં ઊંચું પરિણામ મેળવી સમાજમાં પોતે ઉત્તમ ચે તેવી છાપ છોડે છે અને સમાજ તેનો સ્વીકાર પણ કરે છે !

આજની પરીક્ષા પદ્ધતિને કારણે ટ્યુશનપ્રથાને ઉત્તેજન મળે છે. રમવાની ઉંમરમાં પણ સતત ભણવાનું આજની પરીક્ષા પદ્ધતિને કારણે જ છે. શાળામાં વિદ્યાર્થીની અનિયમિતતા પાછળનું એક ાકરણ ટ્યુશન પણ છે. આમ છતાં આજનો વિદ્યાર્થી કે વાલી એ નથી સમજી શક્યા કે, ઘરે ટ્યુશન કરતાં શિક્ષક કે વિદ્યાર્થીથી ઉભરાતા ટ્યુશન ક્લાસીસ ક્યારેય પણ શાળા-કોલેજનું સ્થાન લઈ ન શકે કે શાળા-કોલેજ સાથે સરખામણી કરી ન શકાય. ટ્યુશન દ્વારા વિદ્યાર્થી માહિતી મેળવે છે, ખરાં જરૂરી કૌશલ્યો,મૂલ્યો , સમજ અને સાચું જ્ઞાન તો શાળા-કોલેજમાં જ મળે. શાળા-કોલેજમાં કોઈ પ્રવૃત્તિ માટે ૫૦-૧૦૦ રૂપિયા આપવામાં આનાકાની કરનાર કે શાળામાં જઈને ઝગડો કરનાર વાલી ટ્યુશન પાછળ પૈસા ખર્ચ કરે છે ત્યારે હિસાબ જોતો નથી. કારણ આજની પરીક્ષા માત્ર માહિતી કે જ્ઞાનનું માપન કરે છે, કૌશલ્યનું નહીં.

આજના વિદ્યાથીને ગોખપટ્ટી તરફ ધકેલનાર અને પરીક્ષાલક્ષી બનાવનાર જો કોઈ હોય તો તે છે આજની પરીક્ષા પદ્ધતિ. પરીણામે વાંચીને, ગોખીને પ્રથમ નંબર લાવનાર માહિતીને કારણે કોઈ ઉચ્ચ કંપનીનો મેનેજર બની જશે, પણ તે વિદ્યાર્થી કોઈ કંપનીનો માલિક ક્યારેય નહીં બની શકે. ખાસ નોંધ લેવા જેવું અને વિચારવા જેવું છે કે, આજે મોટા ઉદ્યોગોના માલિકો ભણવામાં કેવા હતા ? તેઓએ ભણતી વખતે માત્ર માહિતી એકઠી કરી નહોતી કે ગોખણપટ્ટી કરી ન હતી. તેમણે ભણવાની સાથે અન્ય કૌશલ્યોનો વિકાસ પણ કર્યો હતો. જ્યારે ગોખીગોખીને ટ્યુશનના સહારે વધુ માર્કસ મેળવનાર કોઈ ઉદ્યોગપતિ બન્યો હોય તેવું સાભળ્યું નથી. ગોખીને કે ટ્યુશનના સહારે મેનેજર બની શકાય, પણ માલિક ન બનાય. તે સત્ય સૌએ સ્વીકારવું જ રહ્યું. સમાજ અને દુનિયામાં નામના મેળવનાર વૈજ્ઞાનિકો, સંગીતજ્ઞોના પરીક્ષામાં કેટલા માર્કસ હતા તે શોધજો. એટલું જ નહીં આજના વિદ્યાર્થીના ફેવરીટ –આદર્શ ગણાતા ક્રિકેટર કે અભિનેતાના પરીક્ષામાં માર્કસ જોજો. માટે તો આજનો એમ.બી.એ. થયેલ યુવાન ઘેરઘેર ફરીને માર્કેટીંગ કરીને મહિને માંડ ચાર-પાંચ હજાર કમાય છે, જ્યારે ઓછું ભણેલો કે નહીં ભણેલો માણસ ચા કે ખાણીપીણીની લારી લઈને ઊભો રહે તો સાંજ પડે બે-ચાર હજાર રૂપિયા કમાઈને ઘેર જાય છે. વિચારો શું અગત્યનું છે ? સમાજમાં આવું વાતાવરણ ઊભું કરવા માટેના જવાબદાર અનેક ોરિબળોમાંનું એક પરિબળ આજની પરીક્ષા પદ્ધતિ પણ છે.

આજની પરીક્ષા પદ્ધતિને કારણે જ વિદ્યાર્થી દબાણ-ટેન્શન કે તાણ અનુભવે છે. માટે જ ક્યારે ક કોઈનો લાડકવાયો કે કાળજાનો ટૂકડો છિનવાઈ જાય છે. તો વળી કેટલાક વિદ્યાર્થીમાં લઘુતા વ્યાપી જાય છે, જે જીવનભર તેનામાં દેખાઈ આવે છે. પરીક્ષાને કારણે માત્ર વિદ્યાર્થી જ તાણ અનુભવે છે તેવું નથી, ક્યારેક વાલી પણ તેટલી જ કે તેથી વિશેષ તાણ અનુભવે છે. પરીક્ષામાં ઊચાગુણ મેળવવા માટે કરેલ મહેનત અને ખર્ચના કેટલાક ટકા મૂલ્યો કે કૌશલ્યો મેળવવામાં કરવામાં આવે તો વિદ્યાર્થીનું ભાવી સુધરી જાય. ઉપરાંત વિદ્યાર્થીએ લખેલ જવાબના મૂલ્યાંકનમાં આત્મલક્ષીતા આવે જ. જુદા જુદા શિક્ષકો એક જ જવાબવહી તપાસે કે એક જ શિક્ષક જુદાજુદા સમયે જવાબવહી તપાસે તો પરિણામ અલગ જ હોય છે. જે આજની પરીક્ષા પદ્ધતિની મર્યાદા જ ગણાય.

અંતે આવી અનેક મર્યાદાઓ સાથે લેવાતી પરીક્ષામાં પરિવર્તન લાવવું જરૂરી છે. જેની જવાબદારી નથી માત્ર સરકારની કે નથી માત્ર શિક્ષણચિંતકોની કે નથી માત્ર શિક્ષકોની કે નથી માત્ર વાલી-સમાજની. સૌએ સાથે મળીને ધીરજપૂર્વકના વિશ્વાસ સાથેના આશાવાદી બનીને પ્રયત્નો કરવા પડશે. જે શક્ય તેટલા ઝડપથી થાય તેવી અપેક્ષા સહ....

**dr.ashokpatel@in.com**

**નોંધ : લેખના અંતે ઈમેલ આઈડી ખાસ છાપવું. કારણ કે કેટલાક વાચકોના પ્રતિભાવ-સૂચનો આવશે જ. જે ભવિષ્યમાં પરીક્ષા સુધારણામાં કામ આવશે. માટે પ્લીઝ..પ્લીઝ..પ્લીઝ...**